CONCORD COMMUNICATIONS

The Resource Centre

**Publication** : Vadodara Samachar

**Date** : Wednesday, August 18, 2010

**Edition** : Vadodara

**Page** : 02

# અમદાવાદની એપોલો હોસ્પિટલમાં પ્રથમ વખત જીવંત લીવરનું ટ્રાન્સપ્લાન્ટેશન કરાયું

અમદાવાદ, તા.૧૭

ભારતના લીવર ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમમાં એક નવા સફળ અધ્યાયનો ઉમેરો થયો છે. એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદમાં ગુજરાત રાજ્યના પ્રથમ સફળ જીવંત લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. એપોલો હોસ્પિટલ્સના ગ્રુપ મેડિકલ ડિરેક્ટર અને સિનિયર પીડીયાટ્રિક ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ ડો. અનુપમ સિબ્બલ આ અંગે કહે છે અમે ભારતીય ઉપખંડમાં લીવર ટ્રાન્સપ્લાન્ટનાં ક્ષેત્રમાં એક નવો રાહ ચીંધી રહ્યા છીએ. ૧૯૯૮માં એપોલો દિલ્હીએ ભારતમાં પ્રથમ સફળ પીડિયાટ્રીક સર્જરી અને એડલ્ટ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન હાથ ધર્યું હતું અને હવે ૨૦૧૦માં ગુજરાતમાં તેણે પ્રથમ જીવંત લીવર દાતા ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરીને ભારતમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટના ૧૨ વર્ષના ઈતિહાસમાં માઇલસ્ટોન બનાવ્યો છે. આ વર્ષે એપોલો હોસ્પિટલ્સે ૧૦૦ લીવર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનો હાથ ધર્યા છે અને થોડા સમયમાં આ સંખ્યા ૫૦૦ પર પહોંચી જશે. ૪૭ વર્ષના સુનિલ પટેલ છેલ્લા તબક્કાની લીવરની માંદગીથી પીડાતા હતા. આ બિમારીમાં દર્દી બહુ વધારે મહિના જીવી શકતો હોતો નથી. તેમને તાકિદે લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી હતી. ૪૬ વર્ષના તેમના પત્ની જિજ્ઞાબહેન પટેલનું લોહી તેમના બ્લડ ગ્રુપ સાથે મેચ થતું હતું. તેઓ તેમના લીવરનો થોડો ભાગ તેમના પતિને ડોનેટ કરવા માટે તૈયાર હતા. તેમની પર જરૂરી તમામ ટેસ્ટ કરાયા. દાતાના લીવરની સ્થિરતા પણ જોવામાં આવી.

ડો. પ્રફુલ્લ બી પવાર. એપોલો હોસ્પિટલ અમદાવાદના સીઇઓ પોતાની ટીમને આ સફળતા બદલ અભિનંદન આપતાં કહે છે આ સુવિધાની ઉપલબ્ધિ ગુજરાતના લોકો માટે લાભપ્રદ બનશે. એપોલો હોસ્પિટલ્સ, નવી દિલ્હીના ચીફ કન્સલટન્ટસ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન, ડો. સુભાષ ગુપ્તા, કે જેમણે અમદાવાદ સહિત દેશની ઘણી એપોલો હોસ્પિટલ્સમાં લીવર સર્જરી હાથ ધરી છે તેઓએ તેમની ટીમને આ માટે અભિનંદન પાઠવ્યા છે. આ સફળતા એપોલો હોસ્પિટલ્સની સંયુક્ત તાકાત બતાવે છે. જીવંત દાતા પાસેથી મેળવેલા લીવરના ટ્રાન્સપ્લાન્ટેશનની સર્જરી કેડેવર લીવર ટ્રાન્સપ્લાન્ટ કરતાં અઘરી છે તેમ તેમણે જણાવ્યું હતું.